# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-03-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH - AHMEDABAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે વર્ચ્યૂઅલ માધ્યમથી તેમના લોકસભા મતવિસ્તાર ગાંધીનગરમાં 146 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે સંબોધન કરતાં , શ્રી શાહે જણાવ્યું, “પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે માળખાગત વિકાસમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ” તેમણે કહ્યું, “ભારત હવે વિશ્વનું બીજા ક્રમનું સૌથી લાંબુ રોડ નેટવર્ક અને ત્રીજા ક્રમનું સૌથી મોટું મેટ્રો નેટવર્ક ધરાવે છે.”

શ્રી મોદીના નેતૃત્વમાં રાજ્યમાં થયેલા પરિવર્તનકારી વિકાસની પણ તેમણે પ્રશંસા કરી. શ્રી શાહે કહ્યું, આજે શરૂ કરાયેલા રેલવે, રસ્તા અને આરોગ્ય સંભાળને લગતા વિકાસકાર્યો થકી ગાંધીનગર મતવિસ્તારમાં આવતા ચાર વિધાનસભા ક્ષેત્રના લોકોને મોટો લાભ થશે.

**(બાઇટ અમિત શાહ)**

શ્રી શાહે આ પ્રસંગે સાણંદ વિસ્તારમાં 500 પથારીવાળી નવી હૉસ્પિટલ અને ગાંધીનગરમાં મતવિસ્તારના છેવાડે એક નવી સિવિલ હૉસ્પિટલ સ્થાપવાની પણ જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . .

# HOLI OVERALL

રાજ્યભરમાં હોળી-ધુળેટીના પર્વને ધ્યાનમાં રાખી ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

દેવભૂમિદ્વારકામાં હોળી અને ફૂલડોલ ઉત્સવમાં સહભાગી થવાં મોટી સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે. દરમિયાન ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા પણ ભક્તોની લાંબી કતાર જોવા મળી રહી છે. જોકે , આજે હોળીના પાવન પર્વ પર હજારો શ્રદ્ધાળુઓએ પવિત્ર ગોમતી નદીમાં સ્નાન કર્યું હતું.

પંચમહાલના કાલોલ તાલુકાના બાકરોલની ગૌશાળાએ અનોખી પહેલ કરી છે. આ ગૌશાળા દ્વારા લોકોને ઘર સુધી ગાયના છાણામાંથી બનાવાયેલી સળી એટલે કે, ગૌકાષ્ટ મોકલવામાં આવી રહી છે. ગોધરામાં આજે ૩૦થી વધુ સ્થળ પર ગૌકાષ્ટથી વૈદિક હોળી પ્રગટાવાશે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલામાં આવેલી વાત્સલ્ય શાળા ખાતે આજે મનોદિવ્યાંગ બાળકોએ ફૂલો વડે હોળીની ઉજવણી કરી હતી.

બીજી તરફ ગાંધીનગરનાં મેયર મીરાં પટેલે શહેરીજનોને હોળી-ધુળેટીના પર્વની શુભેચ્છાઓ પાઠવી. સાથે જ તેમણે અજાણ્યા જળાશયોમાં ન્હાવા માટે ન જવા અને જાહેર રસ્તાઓ પર હોળી ન પ્રગટાવવા લોકોને અપીલ કરી છે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR FOREST

હોળીના તહેવારને પગલે મહીસાગર જિલ્લા વન વિભાગ દ્વારા વિવિધ 27 ટુકડી કાર્યરત્ કરવામાં આવી છે. તહેવારમાં લાકડા ચોરી અને જંગલમાં આગ રોકવા નાકાંબંધી કરી પાણીના ટેન્કર અને મદદનીશ સ્ટાફ તહેનાત કરાયો છે.

. . . . . . . . . . . . .

# SANGHAVI ON TAPI ADIVASI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , “આદિવાસી સમુદાયના લોકોને ગેરમાર્ગે લઈ જનારા લોકો સામે રાજ્ય સરકાર ગંભીરતાથી પગલાં લેશે. ” તાપીમાં એક રામકથામાં સહભાગી થતા શ્રી સંઘવીએ આ નિવેદન આપ્યું હતું. દરમિયાન તેમણે ઉદ્યોગપતિઓને આદિવાસી વિસ્તારોમાં શાળાઓ સ્થાપવા આહ્વાન પણ કર્યું હતું.

દરમિયાન આ કાર્યક્રમમાં કથાકાર મોરારિ બાપુએ આદિવાસી વિસ્તારમાં શાળાદીઠ એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . .

# NARMADA BORDER

નર્મદા જિલ્લામાં માદક પીણાંનો જથ્થો રોકવા જિલ્લા પોલીસે આંતરરાજ્યની સરહદ પર નાકાબંધી કરી છે. સાગબારાની ધનસેરા ચેકપોસ્ટ ખાતે પોલીસની ટુકડી ખડકી દેવાઈ હોવાનું નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક વી.આર. ચંદને જણાવ્યું હતું.

(બાઈટ: વી. આર. ચંદન- Dy.SP)

. . . . . . . . . . . . .

# GOOD SAMARITAN

રાજ્યમાં ગત બે વર્ષમાં માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિઓને બચાવનારા 43 ગુડ સમરિટન બે લાખ રૂપિયાનું રોકડ ઇનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા છે. માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોનું જીવન બચાવવા તેમ જ અન્યને પ્રેરણા આપતા નાગરિકોને સન્માનિત કરવા વર્ષ 2021માં ‘ગુડ સમરિટન પુરસ્કાર’ યોજના શરૂ કરવામાં આવી હતી.

યોજના અંતર્ગત માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને ગોલ્ડન અવરમાં મદદરૂપ થનારાને પાંચ હજાર રૂપિયા રોકડ પુરસ્કાર અપાઈ છે. જ્યારે જીવ બચાવનારા ગુડ સમરિટનની સામે કોઈ કાયદાકીય કાર્યવાહી કરાતી નથી. વર્ષના અંતે શ્રેષ્ઠ 10 ગુડ સમરિટનને રાષ્ટ્રીય સ્તરે એક લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર અપાય છે.

. . . . . . . . . . . . .

# MEHSANA SAINIK SCHOOL

કેન્દ્ર સરકાર દ્વારા ઇટ રાઈટ ઇન્ડિયા અંતર્ગત મહેસાણાની સાગર સૈનિક સ્કૂલને પ્રથમ ઇટ રાઈટ કેમ્પસ જાહેર કરવામાં આવી છે. આ શાળાને ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક સત્તામંડળ- FSSAI દ્વારા પ્રમાણપત્ર એનાયત કરાયું છે. અગાઉ કેન્દ્રીય ટીમ દ્વારા શાળાની કેન્ટીનમાં આરોગ્ય વ્યવસ્થાની ચકાસણી કરી કેન્ટીન સંચાલકને જરૂરી સૂચન અને માર્ગદર્શન પણ અપાયું હતું.

. . . . . . . . . . . . .